ગાંધીનગર સમાચાર

તા. ૧-૫-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

# ગરવી ગુજરાતની અસ્મિતા અળપાય નહીં, તેનો ખ્યાલ રાખીએ

નર્મદે જેને 'ગરવી ગુજરાત' કહી એનું ગૌરવ ગીત લખ્યું અને ન્હાનાલાલે 'ગરવો ગુણિયલ ગૂર્જર દેશ' કહી જેનો અપરંપાર મહિમા ગાતાં 'ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ' જેવાં સ્વસ્તિ વચન ઉચ્ચાર્યાં, કનૈયાલાલ માણેકલાલ મુનશીએ જેની ઐતિહાસિક અસ્મિતાને ઉજાગર કરી- એવી આપણી 'ગુણવંતી ગુજરાત'ના, સ્વતંત્ર રાજય સ્વરૂપે એના ત્રેપ્પનમા સ્થાપના દિવસે ફકત બેચાર ગૌરવ ગીતો ગાઈ લઈને ફરજ પૂરી થયાનો ઓડકાર લઈ શકાય એમ નથી. ગુજરાતને દ્વિભાષી મુંબઈ રાજયમાંથી અલગ કરી આગવા રાજય તરીકે ઓળખ અપાવવા ગુજરાતીઓએ ખાસ્સું ઝઝૂમવું પડ્યું હતું, તે રખે ભૂલીએ. મહાગુજરાતની એ ચળવળના સેનાનાયક ઈંદુચાચા અને ગુજરાત રાજયની સ્થાપના ટાણે ગાંધી આશ્રમના લીમડા નીચે શુભ સંકલ્પ લેવડાવનારા ઋષિતુલ્ય પૂજય રવિશંકર મહારાજનાં સપનાં આપણે સાકાર કરી શકયા છીએ ખરા? ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા અત્યાર સુધીના ગુજરાતના તમામ મુખ્યમંત્રીઓ કરતાં વધુ 'ભણેલા' હતા, એમણે વિલાયત ખાતે તબીબી ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કર્યો હતો અને ખુદ ગાંધીજીને સારવાર આપી હતી. એમનાં ધર્મપત્ની ડૉ. હંસા મહેતા ભારતનાં પ્રથમ મહિલા કુલપતિ હોવાનું ગૌરવ ધરાવે છે. આવા સંસ્કારી કર્ણધારના હાથમાં તત્કાલીન વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુએ મોરારજી દેસાઈ જેવા વરિષ્ઠ નેતાનો અણગમો વહોરીને પણ પરમ શુભ ઈરાદાથી નવા રચાયેલા ગુજરાત રાજયનું સુકાન સોંપ્યું હતું. જીવરાજ મહેતાની કાર્યદક્ષતા અને કર્તવ્યનિષ્ઠા, એમનું શુદ્ધ સુવર્ણ જેવું નિર્મળ જીવન અને ગુજરાતને દેશના પ્રગતિશીલ રાજયોમાં ટોચ પર મૂકી આપવાનો પુરુષાર્થ અડધી સદીના અંતરાલ પર - જરા જુદેશ મુકામે ફંટાયા છતાં- મહદંશે સાર્થક નીવડયો છે. ગુજરાતની માટીમાં જ એ તાકાત સંગોપાયેલી છે. ગુજરાતના વિકાસનો જશ છ કરોડ ગુજરાતીઓને આપીને હરિદ્વારના સંત સંમેલનમાં ખુદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ વાતનો નિખાલસ એકરાર કર્યો હતો. ગુજરાતની ધરતીમાં અનેરી ચુંબકીય આકર્ષણ શક્તિ પડેલી છે. 'કૃષ્ણ'નો તો અર્થ જ આકર્ષનારો, પરંતુ આખી દુનિયાને આકર્ષનારા કૃષ્ણ પોતે ગુજરાતથી આકર્ષાયા! મહાભારતકાળમાં એમને શાંતિ સુરક્ષા અને સમૃદ્ધિની દષ્ટિએ ગુજરાતના દરિયા કિનારે વસવું ઉચિત લાગ્યું, તેથી એમણે વહાલું વ્રજ છોડીને દ્વારિકાનગરી વસાવી. મીરાંને જ્યારે એનો મેવાડ આકરો લાગ્યો ત્યારે વસમીવેળાએ એણે પણ રાણાજીનો દેશ છોડી ગુજરાત વહાલું કર્યું હતું. ગુજરાત પાસે આચાર્ય હેમચંદ્રથી લઈ ઉમાશંકર જોશી સુધીની વિદ્વત્યપંરપરા છે, નરસિંહ- નર્મદ- દલપતરામથી લઈ નિરંજન- રાજેન્દ્ર શાહ- રમેશ પારેખ અને રાજેન્દ્ર શુકલ સરથા કરવિઓની કાવ્ય સંપદા છે. ગુજરાતે પોતાની ભાષા ગૌરવ ખાતર શિખા છૂટી મૂકી દેનાર પ્રેમાનંદ પકવ્યો છે તો વળી અધ્યાત્મની ઊંચાઈ સર કરનાર ગીત-કવિ સુન્દરમ સરજ્યા છે. ગાંધી-સરદાર અને દયાનંદની ત્રિપુટીએ ભારતવર્ષને જ નહીં, વિશ્વને દિશા ચિંધનારી શાશ્વત નેતાગીરીનાં ઉજ્જવ નક્ષત્રો છે. વિવેકાનંદ ગુજરાતની ધરતી પરથી જ અખૂટ પ્રેરણા લઈ અમેરિકા પહોંચ્યાં હતા. પ્રજાવત્સલ વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડે એક અદના મહાર યુવકમાંથી દેશને એના બંધારણનો ઘડવૈયો કંડારી આપ્યો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર અને મહર્ષિ અરવિંદ આપણી ધરતીમાં રોપાયેલાં અને ઊછરેલાં માતા ભારતીનાં એવાં દિવ્ય સંતાનો છે. જે ભલે અન્ય પ્રદેશોમાં જન્મ્યાં હોય, પરંતુ ખીલ્યાં હતાં ગુજરાતનાં હવાપાણી થકી.

ભગવાન સ્વામિનારાયણ પણ જન્મ્યા અયોધ્યા નજીક છપૈયામાં, પણ એમનું અવતારકાર્ય સંપન્ન થયું હતું. ગુજરાતની એક ખાસ વિશેષતા એ છે કે એનામાં અન્ય પ્રદેશો જેવો સંકુચિત પ્રદેશવાદ નથી. એણે હરહંમેશ ઉદાર રાષ્ટ્રીય અને વૈશ્વિક દષ્ટિકોણ જ અપનાવ્યો છે. ખબરદારે ગાયું છે કે 'જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.' પરંતુ ગુજરાતની સર્વસમાવેશી ઉદારતાને મહદંશે એની નબળાઈ માની લેવાતી રહી છે. ગુજરાતી તો ફકત વેપાર જ કરી જાણે, એને 'પાસબુક' અને 'ચેક બુક' સાથે જ મતબલ- ત્રીજી 'બુક' તરફ એની નજર જ નપડે વગેરે ખરીખોટી માન્યાતઓનો છેદ ઉડાડી ગુજરાતે એના કૌવતનો પરચો બતાવવાનો સમય પાકી ગયો છે. ગુજરાતી માણસ સાહસ ખેડી શકે છે, એ સાત સમંદર પાર એનાં થાણાં નાખીને પોતાની સંસ્કૃતિનો વિજયધ્વજ લહેરાવી શકે છે, તે બાબત હવે કોઈથી અજાણી નથી રહી. અંતરીક્ષમાં સૌથી લાંબો સમય રહેવાનો વિક્રમ સુનીતા વિલિયમ્સને ફાળે જાય છે, જેના લોહીમાં ગુજરાતની ધરતીની સુગંઝ મહેકે છે. આજે ગુજરાતીઓએ તમામ ક્ષેત્રોમાં પગપેસારો કર્યો છે, તે ત્યાં સુધી કે ભારતના ટોચના ધનકુબેરો ગુજરાતી છે, તો અમેરિકાની આખેઆખી સાયબર વેલી પર ગુજરાતીઓનો દબદબો છે. ગુજરાતે છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન ભૂકંપ, વાવોઝોડાં અને દુષ્કાળ જેવી ભયંકર કુદરતી આફતોનો સામનો કર્યો છે, અને આફતોને અવસરમાં પલટાવી દેવાનો કીમિયો હસ્તગત કર્યો છે. માનવસર્જિત સંકટોમાંથી પણ ગુજરાત હેમખેમ બહાર આવી ગયું છે. નર્મદા યોજના હવે પૂર્ણતાના આરે છે, જેને પરિણામે ગુજરાતનો ખેડૂત માટીમાંથી સોનું પકવશે એવી શ્રદ્ધા જાગી છે. આજે ગુજરાત જેવો શાંતિપ્રિય અને પ્રગતિશીલ પ્રદેશ કદાચ ભારતમાં તો ઠીક, પરંતુ આખા દક્ષિણ એશિયામાં મળવો મુશ્કેલ છે. તેથી સ્તો મલ્ટિનેશનલ ઉદ્યોગગૃહો એમની શાખાઓ ગુજરાતમાં વિસ્તારવા આતુર બન્યા છે. ગુજરાત ઉદાર હૈયે સૌને આવકારે છે અને સ્વીકારે છે, પરંતુ કયારેક એની આ સ્વભાવગત ઉદારતાનો ગેરલાભ પણ લેવાતો રહ્યો છે, તે વિશે જાગ્રત રહેવાની જરૂર છે. ગુજરાત પ્રગતિ અને વિકાસની ઉંદરદોડમાં એના સંસ્કાર ન વીસરી જાય તે પણ એટલું જ જરૂરી છે. નવી પેઢી ગુજરાતી ભાષાથી વિમુખ થતી જાય છે. એને ગાંધી ચીંધ્યા આદર્શો અને માનવીય મૂલ્યો નેવે મૂકી દઈને ઉતાવળે પાશ્ચાત્ય દેશોની હરોળમાં પહોંચી જવાની લેહ લાગી છે. આવાં પ્રલોભનોથી બચવાની જરૂર છે. ગુજરાતના સ્થાપના દિવસે ફરી એકવાર ત્રેપન્ન વર્ષ અગાઉ સાબરમતી આશ્રમમાં લીમડાના ઝાડ હેઠ રવિશંકર મહારાજે લેવડાવેલ શપથ અને સંકલ્પની યાદ અપાવવી પડે એવી વિષમ પરિસ્થિતિ પ્રવર્તે છે, ત્યારે આપણે સૌ ગુજરાતના નામને ઊજળું કરવાની દિશામાં અગ્રેસર થઈએ, ક્ષુલ્લક સ્વાર્થ પ્રેરિત રાજકારણથી ઉપર ઉઠી ગરબા ગુજરાતી બની રહીએ, તે જ મહાત્મા ગાંધી, સરદાર પટેલ ઈંદુલાલ યાજ્ઞિક અને રવિશંકર મહારાજને સાચી શ્રદ્ધાંજલિ લેખાશે.

કવિ ઉમાશંકર જોશીની પંક્તિઓ યાદ કરીએ:

'એ કેવો ગુજરાતી?<br>
જે હો કેવળ ગુજરાતી?'

ગુજરાતીએ સાચા વિશ્વમાનવી બનવાની કવિકલ્પના સાકાર કરવાની છે. એ ક્ષમતા દરેક ગુજરાતીમાં અભરે ભરેલી છે. જય જય ગરવી ગુજરાત!

# પર વર્ષમાં આપણે બે કરોડમાંથી છ કરોડ થઇ ગયા

## ૧૯૬૦ પછીનું અર્વાચીન ગુજરાત ૧૭ જિલ્લાથી 33 જિલ્લાની સફર ખેડી ચૂક્યું છે

(ગૌતમ પુરોહિત)

ગુજરાત -ાચીનકાળમાં પણ સમૃદ્ધ હતું અને આજે પણ સમૃદ્ધ છે. પાછલા પર વર્ષમાં ગુજરાતે અનેક તડકા-છાંયડા જોયા છે. ૧૪ મુખ્યમંત્રીઓ ગુજરાતની ગાદી ઉપર રાજ કરી ચૂક્યા છે. ગુજરાતની અલગ રાજય તરીકે સ્થાપના થઈ ત્યારે ૧૯૬૧??? થયેલી વસતી ગણતરી -માણે ગુજરાતમાં બે કરોડ છ લાખ લોકો વસતા હતા આજે છ કરોડ ૧૧ લાખ લોકો ગુજરાતની ભૂમિ ઉપર વસે છે. ભગવાન શ્રીકૃષ્ણ સાથે જોડાયેલો ઈતિહાસ રામાયણ અને મહાભારત કાળનો સાક્ષી છે. ગુજરાતની ભવ્યતા સદાકાળ રહી છે. આજે વિશ્વમાં કોઈ એવો ખૂણો નથી કે જયાં ગુજરાતી વસતો ન હોય..!!

**ગુજરાતનો -ાચીન ઇતિહાસ..........**

ગુજરાતને પોતાની સંસ્કારિતા અને સામ્રાજયનો એક આગવો ઈતિહાસ છે. એનો ઈતિહાસ પુરાતન છે. એની સંસ્કૃતિ સમૃદ્ધ છે. ગુજરાતનો ઈતિહાસ ભારતવર્ષના ઈતિહાસનો એક મહત્વનો ભાગ છે. અતિ -ાચીનકાળથી જ પોતાની ભૌગોલિક સ્થિતિ અને ભૂસંરચનાને લીધે આ વિસ્તાર ઈતિહાસમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

કાલક્રમ અને કાલગણનાના આધારે જોઈએ તો સામાન્ય રીતે ગુજરાતનો ઈતિહાસ ઈસવીસન પૂર્વે ચોથા સૈકામાં શરૂ થાય છે. જયારે તે પહેલાનો માનવ સંસ્કૃતિનો ઈતિહાસ પુરા-પાષાણયુગથી શરૂ થાય છે.

આપણાં -ાચીન ગ્રંથોમાં આનર્ત -દેશ તરીકે જે ઓળખવામાં આવે છે તે વાસ્તવ આજનું ગુજરાત છે. આનર્તનો પુત્ર રેવત દ્વારિકાનો શાસક હતો. ભગવાન કૃષ્ણએ જયારે વ્રજ -દેશ છોડ્યું (જેના કારણે તેઓ રણછોડ પણ કહેવાયા) અને હાલના સૌરાષ્ટ્રમાં આવેલી દ્વારિકા નગરી વસાવી હતી.

એવું માનવામાં આવે છે કે, શ્રી કૃષ્ણ દ્વારા વસાવવામાં આવેલી મૂળ દ્વારિકા નગરી સમુદ્રમાં ગરક થઈ ગઈ છે. જેના કેટલાંક નમૂનાઓ જામનગર જિલ્લાના તટીય વિસ્તારોમાંથી સમયાંતરે મળતા રહે છે અથવા તો સેટેલાઈટ નક્શાઓમાં પણ આ અંગેની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવે છે પરંતુ યાદવાસ્થળીમાં દ્વારકાના શાસક યાદવકુળનો નાશ થયો. દ્વારિકા પર રાજ કર્યું હોવાથી શ્રીકૃષ્ણનેં દ્વારિકાધીશ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ત્યારપછીના ત્રણ હજાર વર્ષ સુધીના ઈતિહાસની કોઈ કડી મળતી નથી. ગુજરાતના લોથલ અને રામપુર સહિતના વિસ્તારોમાંથી હડપ્પીય સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે. ત્યાર પછીનો ઔપચારિક ઈતિહાસ છે ક મૌર્ય વંશનો મળે છે. પાટલીપુત્રના આ શાસકે હાલના ગુજરાતને તાબે કર્યા હતા. ચંદ્રગુઝ મૌર્યનો પૌત્ર અશોક પણ ભારે પરાક્રમી હતો. તેણે પાડોશી રાજય કલિંગ પર આક્રમણ કર્યુ હતું. જેમાં ભારે ખુંવારી થઈ હતી. જેને જોઈને સમ્રાટ અશોકનું હૃદય પરિવર્તન થયું. તેઁ ચંડ અશોકમાંથી ધમ્મ અશોક બન્યો. તેણે બૌદ્ધ ધર્મનો -ચાર અને -સાર કરતાં શિલાલેખો ભારત અને આજુબાબજુના દેશોમાં કોતરાવ્યાં હતાં. આવો જ એક શિલાલેખ હાલના સમયના જૂનાગઢ જિલ્લામાં ગિરનારની તળેટી ખાતે જોવા મળે છે.

ગુજરાતમાં -ાગૈતિહાસિક માનવ અંગેનું સર્વ-થમ સંશોધન કરનાર વિદ્વાન રોબર્ટ બ્રુસ ફૂટ હતા. તેમણે સાબરમતીના તટ-દેશમાં આ સમયના માનવીઓના હાડપીંજરો, હથિયારો, ઓંજારો વગેરે શોધ્યા હતાં. ગુજરાતના -ાગૈતિહાસિક શંશોધનોમાં રોબર્ટ બ્રુસ ફૂટ ઉપરાંત ડો. એફ. ઈ. ઝેનર, ડો. હસમુખ સાંકળીયા, એસ. આર. રાવ, ડો. બી. એ. સુબ્બારાવ, પી. પી. પંડ્યા, ડો. આર. એન. મહેતા વગેરેનો કિંમતી ફાળો રહ્યો છે. એસ.આર.રાવે લોથલ અને રંગપુરા તથા બી. એ. સુબ્બારાવ અને પી. પી. પંડ્યાએ સર્વ-થમ સોમનાથ, લાખાબાવળઅને અમરા શોધ્યા હતા.

મહેસાણા જિલ્લામાં આવેલું લાંઘણજ -ાગૈતિહાસિક સ્થળ છે. આ સ્થળે સર્વ-થમ માનવના હાડપીંજરો ની શોધ હસમુખ સાંકળીયાએ કરી હતી. તેમણે સાબરમતી, મહી અને હિરણ નદીના તટ-દેશોમાં તેમજ રંગપુર, રોજડી , -ભાસપાટણ વગેરે સ્થળોએ અનેકવિધ સંશોધનો કર્યા છે. મધ્યગુજરાતના મહી -દેશમાં ૩૦ ઉપરાંત સ્થળોએથી અને સાબરમતી -દેશના ૨૦ ઉપરાંત સ્થળોએથી -ાગૈતિહાસિક માનવના અવશેષો -ાઝ થયા છે .મેશ્વોને કાંઠે આવેલાં અમરાપુર અને કરચલા પણ -ાગૈતિહાસિક સ્થળો છે.

જય જય ગરવી ગુજરાત



ગુજરાતનું લોથલ એક સમયનું સમૃદ્ધ બંદર હતું. અવશેષો પરથી જણાય છે કે તે સમયે ખંભાતનનો દરિયો લોથલથી માત્ર પાંચ કિલોમીટર દૂર હતો, હાલ તે ૨૦ થી ૨૫ કિલોમીટર દૂર છે.

**૧૯૬૦ પછીનું ગુજરાત ૧૭ થી 33 જિલ્લા......**

૧૯૬૦ ૧૭ જિલ્લાઓની સાથે ગુજરાત સ્થાપિત થયું હતું. નવા જિલ્લાની રચનાની સૌ -થમ શરૂઆત ગાંધીનગર સાથે થઈ હતી. ૧૯૬૪ મહેસાણા અને અમદાવાદના કેટલાક ભાગોને જોડીને ગાંધીનગર રાજયનો ૧૮ જિલ્લો બન્યો હતો. ત્યારબાદ ૧૯૬૬ સુરતમાંથી વલસાડને જુદો પાડી ૧૯ જિલ્લો બનાવવામાં આવ્યો હતો. ૧૯૯૭ રાજયમાં છ નવા જિલ્લા આણંદ, દાહોદ, પાટણ, નવસારી, પોરબંદર અને નર્મદાનો સમાવેશ કરતાં જિલ્લાની સંખ્યા ૨૫ થઈ હતી. ૨૦૧૦ ગુજરાતનો તાપી ૨૬ જિલ્લો બન્યો હતો. હવે બીજા સાત નવા જિલ્લા ગીર-સોમનાથ, છોટા ઉદેપુર, અરવલ્લી, બોટાદ, મોરબી, દ્વારકા અને મહીસાગર ૨૦૧૩??? અસ્તિત્વમાં આવી રહ્ના છે. તે સાથે નવા ૨૨ તાલુકાઓનો પણ ઉદય થયો છે. હવે ગુજરાતમાં કુલ ૩૩ જિલ્લાઓ બન્યા છે.

**ગુજરાત વિધાનસભાના ઈતિહાસ પર એક નજર...**

આઝાદી પહેલા ગુજરાતમાં એક નહીં પણ ચાર ચાર વિધાનસભાઓ કાર્યરત હતી જેમાં ભાવનગર વિધાનસભા, પોરબંદર સ્ટેટ વિધાનસભા, વડોદરા વિધાનસભા અને સૌરાષ્ટ્ર વિધાનસભાનો સમાવેશ થતો હતો.

પહેલી મે, ૧૯૬૦?? રોજ અલગ ગુજરાત બાદ વર્તમાન વિધાનસભા અસ્તિત્વમાં આવી હતી. વિધાનસભાના ઈતિહાસ પર એક નજર નાખીએ તો, સૌ -થમ ૧૯૪૧ ભાવનગરના તે સમયના મહારાજ ભાવસિંહજી દ્વારા -જાના -તિનિધિની સભાના નામે વિધાનસભાની રચના કરવામાં આવી હતી. જેમાં ૩૮ જેટલા નિયુક્ત સભ્યો હતા અને તેમને -જાના -ૈો પૂછવાની સત્તા આપવામાં આવી હતી.

ત્યારબાદ તેમના પુત્ર કૃષ્ણકુમારસિંહજી દ્વારા ભાવનગર વિધાનસભાની રચના કરવામાં આવી હતી. તેજ ગાળામાં પોરબંદર ખાતે પોરબંદર સ્ટેટ એસેમ્બલી કાર્યરત હતી તો ૧૯૦૮ બરોડા સ્ટેટના મહારાજા સયાજીરાવ ગાયકવાડે વડોદરા વિધાનસભાની સ્થાપના કરી હતી. ૧૯૫૨??? સૌરાષ્ટ્ર વિધાનસભાની રચના થઈ હતી. ૩૧ ઓક્ટોબર, ૧૯૫૬ તેને મુંબઈ વિધાનસભાની સાથે ભેળવી દેવામાં આવી હતી અને ત્યાર બાદ ૧૯૬૦ અલગ ગુજરાત બાદ વર્તમાન ગુજરાત વિધાનસભાની રચના થઈ હતી.

**ક્યારે કેટલા ધારાસભ્યો હતા....**

૧૯૬૦ ગુજરાત વિધાનસભાના સભ્યોની સંખ્યા ૧૩૨ હતી. ત્યારબાદ ૧૯૬૨ ૧૫૪ સભ્યોની સંખ્યા નિયુક્ત થઈ અને ૧૯૬૭ ૧૬૮ ધારાસભ્યો અને તે પછી ૧૯૭૫ ૧૮૨ ધારાસભ્યોની સંખ્યા નક્કી થઈ હતી જે આજદિન સુધી યથાવત છે અને કેન્દ્ર સરકારના એક નિર્ણય અનુસાર ૨૦૨૫ સુધી માત્ર ગુજરાતની જ નહી પરંતુ દેશની કોઇપણ વિધાનસભાના સભ્યોની સંખ્યામાં વધારો થઈ શકે તેમ નથી.

**ગુજરાત વિધાનસભાના -થમ અધ્યક્ષ......**

અલગ ગુજરાત બાદ અસ્તિત્વમાં આવેલી વિધાનસભાના -થમ અધ્યક્ષ તરીકે કલ્યાણજી મહેતા નિયુક્ત થયા હતા. ૧૯૭૧ સુધી ગુજરાત વિધાનસભા અમદાવાદમાં કાર્યરત હતી અને તેની -થમ બેઠક અમદાવાદની સિવિલ હોસ્પિટલના વર્તમાન ઓપીડી બિલ્ડિંગમાં મળી હતી. ત્યાર બાદ ૧૧ ફેબ્રુઆરી, ૧૯૭૧ ગાંધીનગરની સેકટર ૧૭ સેન્ટ્રલ લાયબ્રેરી કે જે જૂની વિધાનસભા તરીકે ઓળખાય છે ત્યાં કાર્યવાહી ચાલતી હતી. ગાંધીનગરની સ્થાપના થયા બાદ ૨૦ માર્ચ, ૧૯૭૮ વર્તમાન વિધાનસભા ઈમારતનું ભૂમિપૂજન થયું હતું અને જુલાઈ ૧૯૮૨ તત્કાલિન રાજયપાલ શારદા મુખરજી દ્વારા વિઠ્ઠલભાઈ પટેલ ભવન ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. આજે આ બિલ્ડીગમાં વિધાનસભા કાર્યરત છે.

# વી.પી.એમ.પી. પોલિટેકનિકમાં ડૉ. શરદ વ્યાસનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૫માં આવેલી વીવીએમપી પોલિટેકનિકના બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં 'સોશ્યલ કન્ટ્રીબ્યૂટરશીપ' વિષય ઉપર મનનીય વ્યાખ્યાન યોજાયું હતું. વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને સામાજિક ભાવના અને સેવાની વિસ્તૃત સમજ ડૉ. શરદભાઈ વ્યાસે આપી હતી.

વીવીએમપી પોલિટેકનિકમાં 'સોશયલ કન્ટ્રીબ્યૂટરશીપ' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રસંગે ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ (૧૦૮ સેવા)ના ડાયરેકટર અને બી.જે. મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના ભૂતપૂર્વ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડૉ. શરદભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. પોતાના વકતવ્યમાં ડૉ. વ્યાસે સોશ્યલ કન્ટ્રીબ્યુટરશીપ એટલે કે સામાજીક ભાવના અને સેવાની વિસ્તૃત છણાવટ કરી હતી. આજના બદલાતા જતા યુગમાં જયારે માનવી 'હું' અને 'મારું' પૂરતું જ સિમીત રહ્યો છે ત્યારે આધુનિક સમાજ અને દેશને એવા લોકોની જરૂરત છે જેઓ સમાજોત્કર્ષ માટે હર હંમેશ તૈયાર હોય. દેશના મોટા અને નામાંકિત ઔદ્યોગિક ગૃહો જેવા કે ટાટા, બિરલા, અંબાણી વિગેરેને ટાંકીને ડૉ. વ્યાસે જણાવ્યું હતું કે કોર્પોરેટ સોશ્યલ રીશપન્સીબીલીટીની જેમ જ હવે પ્રોફેશનલ સોશ્યલ રીશપન્સીબીલીટીની પણ અગત્યતા ઉભી થઈ છે. રાજયમાં સફળતાપૂર્વક કાર્યરત ૧૦૮ સેવાનો ઉલ્લેખ કરીને વિદ્યાર્થીઓને સમજાવ્યું કે આ સેવાને સફળતાપૂર્વક ચલાવવા માટે ચીલા ચાલુ ઢબથી નહીં, પરંતુ સમાજના હિતમાં જ પોતાનું હિત વિચારતા કર્મચારીઓ છે. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય એ.જે. પટેલ, જે.જી. દવે, અન્ય અધ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતાં.



**એલ.ડી.આર.પી. આઈ.ટી.આર. કોલેજે ટેબલ ટેનિસમાં દ્વિતીય સ્થાન મેળવ્યું**

ગણપત યુનિવર્સિટી ખેરવા દ્વારા તાજેતરમાં ઈન્ટર કોલેજ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની એલ.ડી.આર.પી. આઈ.ટી.આર. કોલેજના ખેલાડીઓએ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. ઈન્ટર કોલેજ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં એલ.ડી.આર.પી. કોલેજના ખેલાડીઓએ સુંદર રમત રમી ટુર્નામેન્ટમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એલ.ડી.આર.પી. કોલેજના ખેલાડીઓ અચલ વેલાની, મીત જોષી, પ્રશાંત શર્મા અને હાર્દિક સાંખટ દ્વારા વિજયી પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ અને ગાંધીનગરની એલસ.ડી.આર.પી. કોલેજ વચ્ચે રમાઈ હતી. ફાઈનલ સ્પર્ધા સુધી પહોંચેલા ખેલાડીઓને કોલેજના આચાર્યા ડૉ. ગાર્ગી રાજપરા, ફિઝિકલ એજ્યુકેશન ડાયરેક્ટર નોરીન વૈપના તેમજ સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# રાંદેસણ પ્રાથમિક શાળાના આચાર્યનો વય નિવૃત્ત સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ગાંધીનગર સંચાલિત રાંદેસણ પ્રાથમિક શાળાના આચાર્ય ભીખુભાઈ કે. પટેલનો વય નિવૃત્ત સન્માન સમારંભ તાજેતરમાં મુ.પો. રાંદેસણ ખાતે યોજાયો હતો. વય નિવૃત્ત સન્માન સમારંભમાં આચાર્યની દીર્ઘકાલીન સેવાને બિરદાવવામાં આવી હતી અને તેમને સન્માનીત કરી આગામી સમય તંદુરસ્ત અને નિરામય જીવન જીવવા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, ડાયેટના પ્રાચાર્ય ડૉ. ટી.એસ. જોષી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બહાદુરસિંહ સોલંકી તથા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રમુખ મેરાજભાઈ દેસાઈ તથા સમગ્ર ગ્રામજનો, ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ તથા પંચાયતના સભ્યો તથા ગ્રામજનો ગામની તમામ સંસ્થાઓના ચેરમેન, હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને નિવૃત્ત થતા આચાર્ય ભીખુભાઈ પટેલનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું અને તેમની શાળાકીય પ્રવૃત્તિઓ તથા અન્ય કામગીરીને બિરદાવવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત બંને ધારાસભ્યો તથા મંચસ્થ મહેમાનોએ આચાર્યશ્રીની કર્તવ્યનિષ્ઠા અને કામગીરીને બિરદાવી હતી.

નિવૃત્ત થઈ રહેલ આચાર્યશ્રીએ શાળાને બે તિજોરી અર્પણ કરી અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંગના પ્રમુખને ચેક અર્પણ કર્યો. આ પ્રોગ્રામને સફળ બનાવવા શાળાના આચાર્ય, શાળા પરિવાર, ગ્રામજનો દ્વારા ખૂબજ રસપૂર્વક આયોજન કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## નસવાડી કોલેજ : રજીસ્ટ્રારની સહી વિનાની માર્કશીટ અપાઈ

અમદાવાદ, તા.૩૦

ગુજરાત યુનિવર્સિટી સલંગ્ન નસવાડી કોલેજમાં ગુજરાતી એસ.વાય. બી.એ.ના ત્રીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ પરીક્ષાના પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. જોકે આ પ્રમાણપત્રોમાં યુનિવર્સિટીના રજીસ્ટ્રારની જ સહી ન હોવાથી વિદ્યાર્થીઓ ચોંકી ઉઠ્યા હતા. અને વિદ્યાર્થીઓએ હોબાળો મચાવવા કોલેજ પ્રશાસન દ્વારા પ્રમાણપત્રો યુનિવર્સિટીમાં પરત મોકલી આપવામાં આવ્યા હતા. અને વિદ્યાર્થીઓને નવા પ્રમાણપત્રો આપવાની ખાત્રી આપતા મામલો થાળે પડ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં સેમેસ્ટર પ્રથમ, તૃત્તીય અને પાંચની પરીક્ષાના પરીણામ જાહેર કરવામાં આવ્યા હતા. પરીણામ જાહેર કરાયા બાદ યુનિવર્સિટી સલંગ્ન કોલેજમાં માર્કશીટ વિતરણની વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે. જોકે યુનિવર્સિટીની અન્ય પ્રક્રિયાની જેમ આ પ્રક્રિયા પણ છબરડાથી વંચિત રહી નથી. પ્રાપ્ત થતી માહિતી મુજબ નસવાડી કોલેજના ગુજરાતી એસ.વાય. બી.એ. ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાની માર્કશીટ વિતરણ કરવામાં આવ્યું હતું. જોકે આ માર્કશીટમાં યુનિવર્સિટીના રજીસ્ટ્રારની જ સહી ન હોવાથી વિદ્યાર્થીઓએ હોબાળો મચાવી દીધો હતો.

### વેપારીઓના કમિશનને વધારીને ૧૫ ટકા કરાયું

# વેપારીઓને સીબીએસઈના ધોરણે જ કમિશન પૂરુ પડાશે

## નવા સત્રથી પાઠ્યપુસ્તક મંડળ દ્વારા વેપારીઓને પુસ્તકના વેચાણ પર ૧૫ ટકા કમિશન અપાશે : માંગણી સંતોષાઈ

અમદાવાદ, તા.૩૦

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ અને વેપારીઓ વચ્ચે પુસ્તકોના કમિશનને લઈ વિવાદ ચાલતો હતો. પાઠ્યપુસ્તક મંડળ દ્વારા અત્યારે વેપારીઓને ૧૨.૫૦ ટકા કમિશન આપવામાં આવે છે જોકે વેપારીઓ છેલ્લા બે વર્ષથી કમિશન વધારવા માટે માંગણી કરી રહ્યા હતા. જેના પગલે આગામી શૈક્ષણિક સત્રથી પાઠ્યપુસ્તક મંડળ વેપારીઓને પુસ્તકોના વેચાણ ઉપર ૧૫ ટકા કમિશન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પાઠ્યપુસ્તક મંડળના સત્તાધીશો અને બુક સેલર એસોસિએશન અને વેપારીઓની એક સંયુક્ત બેઠક મળી હતી. જેમાં ધોરણ ૫ થી ૮ ના ગુજરાતી માધ્યમના પુસ્તકો ન બદલવા, કમિશન અંગે નિર્ણય લેવા માટે નવી મંડળીની રચના સહિતના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. પાઠ્યપુસ્તકના વેપારીઓ દ્વારા પુસ્તકોના વેચાણ ઉપર કમિશન વધારવા માંગ કરાઈ હતી. જેથી પાઠ્યપુસ્તક મંડળે કમિશન રૂપિયા ૧૨.૫૦ થી વધારીને રૂપિયા ૧૫ કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા વેપારીઓની સીબીએસઈના ધોરણે કમિશન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમજ પાઠ્યપુસ્તક મંડળીઓની સંખ્યા ૩૨ થી વધારીને ૬૨ કરવાનો નિર્ણય લેવાયો છે. આ અંગે વધુ ચર્ચા કરવા માટે ગુરૂવારે પાઠ્યપુસ્તક મંડળના અગ્રણીઓ અને વેપારીઓ વચ્ચે બેઠક મળશે. જેમાં વધુ કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાઈ શકે છે. આ બેઠક અંગે બુક સેલર એન્ડ સ્ટેશનરી હિત રક્ષક સમીતિના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪ થી પુસ્તકોના વેચાણ ઉપર વેપારીઓને મળતું કમિશન વધારીને ૧૫ ટકા કરવામાં આવ્યું છે તેમજ નવી ૩૦ મંડળીઓની રચના કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ધોરણ ૬ થી ૮ના ગુજરાતી માધ્યમના પાઠ્યપુસ્તકો બદલવામાં આવશે નહીં પરંતુ પુસ્તકોમાં જે સુધારા કરવામાં આવ્યા છે તેની પુરવણી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.